# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગીત

કવિ : શ્રી અનિલ જોશી મુંબઈ)
સ્વરકાર : શ્રી સુરેશ જોશી (મુંબઈ)

સૌરાષ્ટ્ર વિદ્યાપીઠ સદાયે પાવનકારી નામ
દરિયા જેવી ઘૂઘવે અહીંયા જગવિદ્યા તમામ
જય હો... જય હો... જયજયકાર.....
સર્વધર્મ સમભાવ હૃદયમાં નરસૈયાની ભક્તિ છે
સાવજ ડણકું મારે ગીરમાં એવી યુવાનશક્તિ છે
ગિરનાર જેવું સ્થિર જીવન હો ધ્યાન મંત્ર એક રામ
સૌરાષ્ટ્ર વિદ્યાપીઠ સદાયે પાવનકારી નામ
દરિયા જેવી ઘૂઘવે અહીંયા જગવિદ્યા તમામ
જય હો... જય હો... જયજયકાર.....
રાણકનો લઈ પ્રેમ ઝળહળે રાખેંગારનું તેજ
સોમનાથને દ્વારિકાનો મહિમા એનો એ જ
વાગીશ્વરીની વીણા વાગી ઝંકૃત ગામે ગામ
સૌરાષ્ટ્ર વિદ્યાપીઠ સદાયે પાવનકારી નામ
દરિયા જેવી ઘૂઘવે અહીંયા જગવિદ્યા તમામ
જય હો... જય હો... જયજયકાર.....
બુધ્ધ મહાવીર, ગાંધીનો પથરાયો છે અજવાસ
નિર્બળને બળવાન સંગ ખેલે દાંડિયારાસ
વલભીવિદ્યા યાદ રાખતું જીવતું વિદ્યાધામ
સૌરાષ્ટ્ર વિદ્યાપીઠ સદાયે પાવનકારી નામ
દરિયા જેવી ઘૂઘવે અહીંયા જગવિદ્યા તમામ
જય હો... જય હો... જયજયકાર.....
પ્રાચિનવિદ્યા સાથે વસતું નવું યંત્ર વિજ્ઞાન,
નવી દિશાઓ, નવા વિચારો નવા યુગની શાન
વૃક્ષોની હરિયાળી વચ્ચે સરસ્વતીનું ધામ
સૌરાષ્ટ્ર વિદ્યાપીઠ સદાયે પાવનકારી નામ
દરિયા જેવી ઘૂઘવે અહીંયા જગવિદ્યા તમામ
જય હો... જય હો... જયજયકાર.....